**એફ. નં. કે -૧૪૦૧૧/૭/૨૦૧૩-યુપીએ/એફટીએસ-૯૭૮૯**
**ભારત સરકાર**
**આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય**
**(યુપીએ પ્રભાગ)**

**નિર્માણ ભવન, નવી દિલ્હી,**
**તા. ૩જી ઓગસ્ટ, ૨૦૧૫**

**કચેરી યાદી**

**વિષય** : તા. ૨૪મી જૂન, ૨૦૧૫ના રોજ ગવર્નીંગ કાઉન્સીલની મળેલી પ્રથમ બેઠકમાં **EST & P, SM & ID, CB & T** અને **SUH** માં **NULM**ની સંચાલનલક્ષી માર્ગદર્શક સૂચનાઓમાં સુધારા.

૧. એન.યુ.એલ.એમ. હેઠળ સામાજિક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસની સંચાલનલક્ષી માર્ગદર્શક સૂચનાઓ.

તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૩ની કચેરી યાદી નં. કે-૧૪૦૧૧/૧/૨૦૧૩ –યુપીએ અન્વયે કૌશલ તાલીમ અને પ્લેસમેન્ટ થકી રોજગાર (ઇ.એસ.ટી. એન્ડ પી) અંગેની સંચાલનલક્ષી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવીહતી. હાલની જોગવાઇઓમાં સુધારા-વધારા કરતી જોગવાઇઓ નીચે મુજબ છે.

| ક્રમ નં. | હાલની જોગવાઇ | સુધારેલી જોગવાઇ |
|---|---|---|
| ૧. | ખંડ ૧૫. એસએચઓના નિમર્માણ, હાથમાં હાથ મિલાવી સાથોસાથ કામ કરવું, એસએચઓના તમામ સભ્યોને તાલીમ, બેંક સાથે જોડાણ, ફેડરેશનની રચના અને અન્ય સંલગ્ન કામગીરી માટે સ્વ સહાય જૂથ દીઠ, એટલે કે દર એક એસએચઓએ વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦નું ખર્ચ કરી શકાય. શહેરનું સ્થાનિક મંડળ સંપદા સંગઠનની ક્ષામતા જોઈ પ્રતિ સંપદા સંગઠક દીઠ કેટલો વિસ્તાર આવરી લેવો તે બાબત નકકી કરશે. | એસએચઓના નિર્માણ, હાથમાં હાથ મિલાવી સાથોસાથ કામ કરવું, એસએચઓના તમામ સભ્યોને તાલીમ, બેંક સાથે જોડાણ, ફેડરેશનની રચના અને અન્ય સંલગ્ન કામગીરી માટે સ્વ સહાય જૂથ દીઠ, એટલે કે દર એક એસએચઓએ રૂ. ૧૦,૦૦૦નું ખર્ચકરી શકાય. |
| ૨. | ખંડ ૧૭.૩ સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને (એસયુએલએમ) નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશનના તમામ શહેરોમાં સંપદા સંગઠનની પસંદગી પારદર્શક રીતે કરવાની રહેશે. એસયુએલએમ રાજય કક્ષાએ સંપદા સંગઠકની પસંદગી કરવાની છૂટ છે અથવા તો શહેરના સ્થાનિક મંડળને જાતે જ સંપદા સંગઠક નિયુકત કરવાની છૂટ આપી શકાશે. | **નવો ખંડ ૧૭.૩ (ક) ઉમેરવો** : સારી કામગીરીનો ટ્રેક રેકર્ડ ધરાવતા હોય એવા એન.આર.એલ.એમ., નાબાર્ડ અથવા અન્ય સરકારી સંગઠનોની પેનલમાં જેમને સમાવવામાં આવ્યા હોય તેવા સંપદા સંગઠકોને સીધા જ સંપદા સંગઠકો તરીકે રોકવા. |
| ૩. | ખંડ ૧૭.૬ રાજય સરકાર પસંદગી (ટેકનિકલ માપદંડ) માટેના ચુસ્ત માપદંડના આધારે જાહેર સ્પર્ધાત્મક બોલી પ્રક્રિયા મારફત સંપદા સંગઠક નિયુકત કરશે, જેથી સેવાની ગુણવત્તા જળવાઈ રહે. | આ ખંડ કાઢી નાખવો. |

| | | |
|---|---|---|
| ૪. | ૪૨. શહેર આજીવિકા કેન્દ્રમાં નાણાં કઈ પ્રવૃત્તિઓ માટે ના વાપરવા? શહેર આજીવિકા કેન્દ્રને કેન્દ્ર સરકાર તરફથી મળેલ નાણાં ભૌતિક માળખાના બાંધકામ અથવા તેમાં નવીનીકરણ કરવાની કામગીરીમાં ન વાપરવા. | શહેર આજીવિકા કેન્દ્રને કેન્દ્ર સરકાર તરફથી મળેલ નાણાં ભૌતિક માળખાંના બાંધકામ માટે ન વાપરવા. આમ છતાં, શહેર આજીવિકા કેન્દ્રની અન્ય પ્રવૃત્તિઓ માટે જરૂરી ભંડોળને વિપરિત રીતે અસર ન થતી હોય તો હાલનાં માળખાંના નવીનીકરણ માટે ભંડોળ વાપરી શકાશે. |
| ૨. | **નેશનલ અર્બન લાઇવલીહુડ મિશન હેઠળ કૌશલ તાલીમ અને પ્લેસમેન્ટ (નોકરી આપવી) મારફત રોજગાર ઊભો કરવા માટેની માર્ગદર્શક સૂચનાઓ**<br>નેશનલ અર્બન લાઇવલીહુડ મિશન હેઠળ કૌશલ તાલીમ અને પ્લેસમેન્ટ (નોકરી આપવી) મારફત રોજગાર ઊભો કરવા માટેની માર્ગદર્શક સૂચનાઓ તા. ૧૩-૧૨-૨૦૧૩ની કચેરી યાદી નં. ૧૪૦૧૧/૧/૨૦૧૩/ યુપીએ અન્વયે ઇસ્યુ કરવામાં આવી હતી. હાલની જોગવાઇઓમાં સુધારા/ વધારા નીચે મુજબ છે. | |
| **ક્રમ નં.** | **હાલની જોગવાઇ** | **સુધારેલી જોગવાઇ** |
| ૧. | ખંડ- ૫. કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થા<br>૫.૧ સંસ્થા મુકરર કરવી<br>સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન બોલી કે કિંમત મંગાવવાની પ્રક્રિયાથી કૌશલ તાલીમ પૂરી પાડનાર ખાનગી સંસ્થાને નામનિયુકત કરી શકે. પસંદગી માટેના માપદંડમાં ટેકનિકલ લાયકાત, સંસ્થાનો અનુભવ અને તાલીમ-ખર્ચનો સમાવેશ થવો જોઈએ. કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થાનું ચુસ્તપણે ટેકનિકલ મૂલ્યાંકન સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને કરવું જોઈએ, જેથી તાલીમની ગુણવત્તા જળવાઈ રહે. | સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન બોલી કે કિંમત મંગાવવાની પ્રક્રિયાથી કૌશલ તાલીમ પૂરી પાડનાર ખાનગી સંસ્થાને પસંદગી કરી શકે.પસંદગી માટેના માપદંડમાં ટેકનિકલ લાયકાત, સંસ્થાનો અનુભવ, તાલીમ ખર્ચ અને રાજ્ય સરકાર નક્કી કરે એવી અન્ય બાબતોનો સમાવેશ કરવો. કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થાનું ચુસ્તપણે ટેકનિકલ મૂલ્યાંકન સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને કરવું જોઈએ, જેથી તાલીમની ગુણવત્તા જળવાઈ રહે. |

| | | |
|---|---|---|
| ૨. | ખંડ-પ.૧નો ફકરો –૨ સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન ગતિશીલતા, તાલીમ, પ્રમાણીકરણ, બેંક સાથે જોડાણ, ફરજિયાત નોકરી માટે નિયુકિત / સ્વરોજગાર - ઊભો કરવો અને સફળ ઉમેદવારની છ મહિના સુધી સગડ રાખવી વગેરે જેવા વિવિધ કામોના પ્રકારની વિગતો માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) પોલીટેકનિક કોલેજો, ટેકનિકલ યુનિવર્સીટીઓ વગેરે જેવી સરકારી સંસ્થાઓ સાથે સીધો જ કરાર પણ કરી શકે છે. | ખંડ-પ.૧ના ફકરા-૨માં ઉમેરો<br>સ્ટેટ અર્બન લાઇવલીહુડ મિશન કૌશલ તાલીમ માટે અન્ય સરકારી એજન્સીઓએ રોકેલા, નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સહયોગીઓ અને તાલીમ શિક્ષકોને રાખી શકાશે. આમછતાં, અર્બન લાઇલીહુડ મિશને એસુનિશ્ચિત કરવાનું રહેશે કે રાખવામાં આવેલા તાલીમ શિક્ષકો, નેશનલ અર્બન લાઇવલીહુડ મિશનની માર્ગદર્શક સૂચનાઓમાં જણાવવામાં આવેલ પ્રક્રિયાઓ, માપદંડો અને ખર્ચ સંબંધી ધોરણોનું પાલન કરે. |
| ૩. | ખંડ-પ.૧નો ફકરો -૩<br>ખંડ-પ.૧નો ફકરો –૨ સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન ભારત સરકાર કે રાજય સરકારના કાર્યક્રમો દ્વારા ભંડોળ પૂરું પડાયું હોય તેવી અન્ય કોઈ સફળ કૌશલ તાલીમ પરિયોજનાનું મોડલ પણ અપનાવી શકે છે. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન ઉદ્યોગગૃહો / ઔદ્યોગિક મંડળો, કે જેઓ તાલીમ પામેલ લાભાર્થીઓને સંસ્થામાં જ કામે રાખવામાં આવતા હોય તે સંસ્થાઓ મારફત પણ કૌશલ, તાલીમ પૂરી પાડી શકે. | નવા ખંડ પ.૧ (ક)નો ઉમેરો કૌશલ તાલીમ માટે મંત્રાલય, ભારત સરકારકનાં મંત્રાલયો હેઠળના નેશનલ સ્કીલ ડવેલપમેન્ટ કોર્પોરેશન (એન.એસ.ડી.સી.), સેકટર સ્કીલ કાઉન્સીલ્સ (એસ.એસ.એલ.) સ્વાયત્ત સંસ્થાઓ સાથેસમજૂતી કરાર કરી શકે. તેઓ ઔદ્યોગિક જૂથો સાથે પણ સમજૂતી કરાર કરી શકે. MoHUPA અને એજન્સીઓ વચ્ચેથયેલા સમજૂતી કરારના આધારે રાજ્યો તેમને સંબંધિત રાજ્યોમાં કૌશલ વિકાસનું કામ આપીશકે. |
| ૩. | **એન.યુ.એલ.એમ. હેઠળ ક્ષમતા ઘડતર અને તાલીમ માટેની માર્ગદર્શક સૂચનાઓ.**<br>એન.યુ.એલ.એમ. હેઠળ ક્ષમતા ઘડતર અને તાલીમ માટેની માર્ગદર્શક સૂચનાઓ તા. ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૩ની કચેરી યાદી નં. કે/૧૪૦૧૧/૧ ૨૦૧૩- યુપીએ અન્વયે બહાર પાડવામાં આવી હતી. | |
| ૧. | ૩. રાષ્ટ્રીય સ્તરે વહીવટ અને અમલ માટેનું માળખું | નીચે મુજબ નવો ખંડ ઉમેરવો<br>૩.૩ (ક). NIRD/ NABCONS/HSMI વગેરે |

| | | |
|---|---|---|
| | | જેવી સંસ્થાઓ/ એજન્સીઓ/ નિષ્ણાતોને મિશનના અમલીકરણ, દેખરેખ, વિશ્લેષણ, સામાજિક ઓડિટ અને ક્ષમતા ઘડતરની રાજ્યો અને સંઘ પ્રદેશોમાં થતી કામગીરી સુદૃઢ બનાવવા માટે રાખી શકાય. |
| ૨. | જોડાણ-૨ મોટા રાજ્યોની યાદીમાં ૧૮ રાજ્યોનો સમાવેશ થાય છે. | મોટાં રાજ્યોની યાદીમાં ૧૯માં રાજ્ય તરીકે તેલંગાણાનો સમાવેશ કરવો. |
| ૪. | **એન.યુ.એલ.એમ. હેઠળ શહેરી ઘર વિહોણા લોકો માટે આશ્રયની યોજના અંગેની માર્ગદર્શક સૂચનાઓ.**<br>એન.યુ.એલ.એમ. હેઠળ શહેરી ઘર વિહોણા લોકો માટે આશ્રયની યોજના અંગેની માર્ગદર્શક સૂચનાઓ તા. ૧૩મી ડિસેમ્બર, ૨૦૧૩ની કચેરી યાદી નં. કે-૧૪૦૧૧/૧/૨૦૧૩-યુપીએ અન્વયે બહાર પાડવામાં આવી છે. | |
| ૧. | ખંડ-૩.૧ શહેરી ઘરવિહોણા માટેના આશ્રય કાયમી, તમામ ઋતુઓ માટેના આશ્રય હોવા જોઈએ. દર એક લાખ શહેરી વસતિ દીઠ ઓછામાં ઓછી ૧૦૦ વ્યકિતઓ માટે કાયમી સામુહિક આશ્રય બનાવવા જોઈએ. સ્થાનિક પરિસ્થિતી આધારે દરેક સ્થાનમાં ૫૦ અથવા ૧૦૦ વ્યકિતઓને સમાવી શકાય. | સ્થાનિક પરિસ્થિતિના આધારે દરેક આશ્રયમાં ૫૦ ટકા અથવા વધુ વ્યક્તિઓનો સમાવેશ કરવો. અપવાદરૂપ પરિસ્થિતિઓમાં ઓછી ક્ષમતાવાળાં આશ્રયોને પણ મંજૂરી આપી શકાય. |
| | ખંડ- ૧૧.૬ કામગીરીના પ્રથમ પાંચ વર્ષના સમયગાળા માટે દરેક આશ્રયસ્થાન માટે, કામગીરી અને વ્યવસ્થા ખર્ચના ૭૫% અથવા ૯૦% જે લાગુ પડતું હોય તે, કેન્દ્ર સરકાર પૂરાં પાડશે. ૫૦ શહેરી ઘર વિહોણા માટેના એક આશ્રયસ્થાનની કામગીરી અને વ્યવસ્થા ખર્ચ માટે, વાર્ષિક રૂ. ૬,૦૦,૦૦૦/-ની જોગવાઈ કરવામાં આવી છે. | કામગીરીના પ્રથમ પાંચ વર્ષના સમયગાળા માટે દરેક આશ્રયસ્થાન માટે, કામગીરી અને વ્યવસ્થા ખર્ચના ૭૫% અથવા ૯૦% જે લાગુ પડતું હોય તે, કેન્દ્ર સરકાર પૂરાં પાડશે. સંચાલન અને નિભાવ અંગેનું અંદાજિત ખર્ચ પ્રોજેકટ મંજૂરી સમિતિ મંજૂર કરશે. |

| | | |
|---|---|---|
| | આશ્રયસ્થાનો માટેના કામગીરી અને વ્યવસ્થા ખર્ચ નીચેના ખર્ચ સદરો હેઠળ મંજૂરી પ્રાપ્ત છે. | |

૨. આ સૂચનાઓ માન. મંત્રીશ્રી, અને શહેરી ગરીબી નિવારની મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

સહી/-
(અર્ચના મિત્તલ)
નિયામક (યુપીએ)
આવાસન અને શહેરી ગરીબી
નિવારણ મંત્રાલય

પ્રતિ
ડૉ. રાજીવકુમાર ગુપ્તા
અગ્ર સચિવ
(શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગ)
ગુજરાત સરકાર
બ્લોક નં. ૧૪, ૯મો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફાઇલ નં. ઇ-૧૪૦૧૩/૧/૨૦૧૩ – યુએસડી/ એફટીએસ/૯૫૯૯

ભારત સરકાર
અવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય
(યુપીએ પ્રભાગ)

નિર્માણ ભવન, નવી દિલ્હી
તા. ૭મી ડિસેમ્બર, ૨૦૧૫

**કચેરી યાદી**

**વિષય** : એન.યુ.એલ.એમ. હેઠળ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રય અંગેની માર્ગદર્શક સૂચનાઓમાં સુધારો કરવા બાબત.

| | | |
|---|---|---|
| | **૧. ભૂમિકા**<br>નેશનલ અર્બન હાઉસીંગ અને હેબીટેટ પોલીસી (એનયુએચએચપી) ૨૦૦૭નો ઉદ્દેશ સમાજના તમામ વર્ગોને પોસાય તેવી કિંમતોએ સમાન જમીન, આશ્રય અને સેવાઓ પૂરી પાડવાના હેતુથી દેશમાં આવાસનના નિરંતર વિકાસને ઉત્તેજન આપવાનો છે. જોકે, આમાં સમાજનો અત્યંત સહાયપાત્ર વર્ગ શહેરી ઘરવિહોણા લોકો છે.<br>નેશનલ અર્બન લાઈવલીહૂડ નો ઉદ્દેશ શહેરી ઘરવિહોણા માટે આશ્રયની યોજના અંતર્ગત શહેરી ઘરવિહોણાને તબકકાવાર આવશ્યક સેવાઓ સહિત કાયમી આશ્રયનું સાધન પૂરું પાડવાનો છે. | નેશનલ અર્બન હાઉસીંગ અને હેબીટેટ પોલીસી (એનયુએચએચપી) ૨૦૦૭નો ઉદ્દેશ સમાજના તમામ વર્ગોને પોસાય તેવી કિંમતોએ સમાન જમીન, આશ્રય અને સેવાઓ પૂરી પાડવાના હેતુથી દેશમાં આવાસનના નિરંતર વિકાસને ઉત્તેજન આપવાનો છે. જોકે, આમાં સમાજનો અત્યંત સહાયપાત્ર વર્ગ શહેરી ઘરવિહોણા લોકો છે.<br>નેશનલ અર્બન લાઈવલીહૂડ નો ઉદ્દેશ શહેરી ઘરવિહોણા માટે આશ્રયની યોજના અંતર્ગત શહેરી ઘરવિહોણાને તબકકાવાર આવશ્યક સેવાઓ સહિત કાયમી આશ્રયનું સાધન પૂરું પાડવાનો છે. ઘર વિહોણા લોકોમાં જેમની પાસે પોતાની માલિકીનું અથવા ભાડાનું ઘર પણ નથી અને જે લોકો ખુલ્લા આકાશ નીચે અથવા માનવ વસવાટ માટે અયોગ્ય એવી |

| | | |
|---|---|---|
| | | જગ્યાઓએ જેમકે ફૂટપાથપર, બગીચાઓમાં, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ધાર્મિક સ્થળોમાં, દુકાનોની બહાર, કારખાનાં, બાંધકામના સ્થળોએ રહે છે અને સૂવે છે તેમનો સમાવેશ થાય છે.<br><br>એવું માનવામાં આવે છે કે આશ્રયોમાં રહેતાં ઘણો લોકો રાત્રે કામ કરતા હોય છે અને તેથી તેઓને દિવસ દરમિયાન સૂવા માટે આશ્રયની જરૂર પડે છે. છૂટક મજૂરી કરતા લોકોને પણ ઘણીવાર રોજીંદા ધોરણે કામ મળતું નથી અનેતેથી તેઓને પણ માત્ર રાત્રે નહીં પરંતુ દિવસ દરમિયાન પણ આશ્રયની જરૂર પડે છે. તેથી, ઘર વિહોણાં લોકોને એચ.યુ.એલ.એમ. હેઠળ રાત્રે તેમ જ દિવસ દરમિયાન પણ આશ્રયો પૂરાં પાડવાનું વિચારાયું છે. |
| ૨. | ખંડ-૪. આશ્રયસ્થાન ખાતે સગવડ | માર્ગદર્શક સૂચનાઓમાં જણાવવામાં આવેલી સુવિધાઓ ઉપરાંત આશ્રયોમાં નીચે મુજબની સુવિધાઓ પણ પૂરી પાડવી.<br>(ક) અંગત સ્ટોરેજ માટે અંગત લોકર્સ<br>(ખ) મનોરંજન માટેની સહિયારી જગ્યા |
| ૩. | ૫. અધિકાર મેળવવા માટે સંપર્ક<br>- રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના<br>- રાજીવ આવાસ યોજના માટે જોડાણ (રદ કરવું) | - રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી જનધન યોજના વગેરે<br><br>- મંત્રાલયની બધા માટે ઘર, એન.યુ.એલ.એમ. અને અન્ય યોજનાઓ/ સેવાઓ/ અધિકારો વચ્ચે જોડાણ. |

| | | |
|---|---|---|
| ૪. | **ખંડ-૬.૧** સ્થળ ઘરવિહોણાની છાવણીઓથી અને કામના સ્થળથી શકય એટલું નજીક રાખવું. આશ્રયો ખાસ કરીને જયાં અત્યંત ગરીબ લોકો એકત્રિત થતા હોય તેવા વિસ્તારો જેમકે રેલ્વે સ્ટેશન, બસ ડિપો, ટર્મીનલ્સ, બજાર, હોલસેલ મંડી (માર્કેટયાર્ડ) વગેરે જગ્યાએથી નજીક રાખવા. ઘરવિહોણી વ્યકિતઓ જયાં રહે છે અને કામગીરી કરે છે તેવાં તેમના એકત્રિત થવાના વિસ્તારો જોઈને સ્થળ નકકી કરી શકાય. | સ્થળ ઘરવિહોણાની છાવણીઓથી અને કામના સ્થળથી શકય એટલું નજીક રાખવું. આશ્રયો ખાસ કરીને જયાં અત્યંત ગરીબ લોકો એકત્રિત થતા હોય તેવા વિસ્તારો જેમકે રેલ્વે સ્ટેશન, બસ ડિપો, ટર્મીનલ્સ, બજાર, હોલસેલ મંડી (માર્કેટયાર્ડ) વગેરે જગ્યાએથી નજીક રાખવા. ઘરવિહોણી વ્યકિતઓ જયાં રહે છે અને કામગીરી કરે છે તેવાં તેમના એકત્રિત થવાના વિસ્તારો જોઈને સ્થળ નકકી કરી શકાય.<br><br>ઘરવિહોણાઓ માટેનાં આશ્રયો કઇ જગ્યાએ આવેલાં છે તે નક્કી કરવા માટે નકશાઓ પર જી.પી.એસ. થકી તે દર્શાવવાનો પ્રયાસ કરવો જેથી આશ્રયનુ સ્થાન શહેરના નકશાન, ટ્રાવેલ ગાઇડ, મેપ્સ, ઓનલાઇન મેપ્સ વગેરેમાં ઉપલબ્ધ હોય. |
| ૫. | **ખંડ- ૬.૨** યોગ્ય સ્થાનોએ આશ્રયસ્થાનો માટેની જરૂરિયાતોનુ ચોકકસ રીતે મૂલ્યાંકન કરવા સ્થાનિક / નગર મંડળો દ્વારા શહેરો / નગરોમાં પધ્ધતિસર મોજણીઓ હાથ ધરવામાં આવશે. શકય હોય ત્યાં સુધી, લાભાર્થીઓને મહત્તમ સગવડ મળી રહે તેવાં સ્થળો નકકી કરવા. મોજણી હાથ ધરતી વખતે અને લાભાર્થીઓ નિર્ધારિત કરતી વખતે, અમલકર્તા સંસ્થાઓએ નાગરિક સમાજ પ્રતિનિધિઓને સામેલ કરવા. | યોગ્ય સ્થાનોએ આશ્રયસ્થાનો માટેની જરૂરિયાતોનુ ચોકકસ રીતે મૂલ્યાંકન કરવા સ્થાનિક / નગર મંડળો દ્વારા શહેરો / નગરોમાં પધ્ધતિસર મોજણીઓ હાથ ધરવામાં આવશે. શકય હોય ત્યાં સુધી, લાભાર્થીઓને મહત્તમ સગવડ મળી રહે તેવાં સ્થળો નકકી કરવા. મોજણી હાથ ધરતી વખતે અને લાભાર્થીઓ નિર્ધારિત કરતી વખતે, અમલકર્તા સંસ્થાઓએ નાગરિક સમાજ પ્રતિનિધિઓને સામેલ કરવા. મોજણીઓ કરવા માટેની રૂપરેખા જોડાણ-૧માં આપવામાં આવી છે. |

| | | |
|---|---|---|
| ૬. | **ખંડ- ૭.૨** જયાં હાલની ઈમારત / જાહેર મકાનોનો ઉપયોગ થાય છે ત્યાં જરૂરી સેવાઓ / જગ્યાની આવશ્યકતાને પહોંચી વળવા યોગ્ય સુધારાવધારા કરી શકાય. હાલનાં મકાનોમાં સુધારાવધારા અને આશ્રયસ્થાન તરીકે તેના ઉપયોગ માટે, સક્ષામ સત્તાધિકારી પાસેથી જરૂરી બિલ્ડીંગ ફીટનેસ સર્ટીફીકેટ મેળવવું. | જયાં હાલની ઈમારત / જાહેર મકાનોનો ઉપયોગ થાય છે ત્યાં જરૂરી સેવાઓ / જગ્યાની આવશ્યકતાને પહોંચી વળવા યોગ્ય સુધારાવધારા કરી શકાય. જમીન ઉપલબ્ધ હોય તો, સમાન માળ પર ઓરડાઓ ઉમેરી શકાય અને જરૂર જણાય તો બહુમાળી માળખું ઊભું કરી શકાય. જમીન સંપદાનો વધુ કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે જૂનાં/ બિસ્માર માળખાં દૂર કરીને નવાં આશ્રયો માટે જગ્યા કરીશકાય. હાલનાં મકાનોમાં સુધારાવધારા અને આશ્રયસ્થાન તરીકે તેના ઉપયોગ માટે, સક્ષામ સત્તાધિકારી પાસેથી જરૂરી બિલ્ડીંગ ફીટનેસ સર્ટીફીકેટ મેળવવું. |
| ૭. | **ખંડ-૭ આશ્રયસ્થાનોની ડિઝાઇન** | **નવો ખંડ ઉમેરવો. ખંડ-૭.૪ :** દરખાસ્ત કરતી વખતે વીજળી અને પાણીના પૂરતા પુરવઠા માટેનું આયોજન કરવું. |
| | | **નવો ખંડ ઉમેરવો ખંડ -૭.૫** રાજ્ય/ યુ.એલ.બી. સ્તરે એવો પ્રયાસ કરવો કે શહેરનો મુખ્ય પ્લાન તૈયાર કરતી વખતે તેમાં આશ્રય માટેના પ્લાનનો સમાવેશ થઇ જાય. |
| ૮. | **ખંડ-૮ આશ્રયસ્થાનોની કામગીરી અને વ્યવસ્થા** | **નવો ખંડ ઉમેરવો- ખંડ ૮.૮ :** આશ્રયનું સંચાલન કરતા સ્ટાફના ક્ષમતા ઘડતરનો કાર્યક્રમ ચલાવવો, જેથી તેઓને ઘરવિહોણા લોકોની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બનાવી શકાય અને તેઓ |

| | | |
|---|---|---|
| | | તેઓની સમસ્યાઓ સમજી શકે અને તેમની સાથે આદર અને સન્માનભર્યો વ્યવહાર કરે.<br><br>આ ઉપરાંત, ગુણવત્તાપૂર્ણ સેવાઓ પૂરી પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે, તેમને નોકરીએ રાખવામાં આવે તે જ વખતે પ્રારંભિક કાર્યશાળાનું આયોજન કરવું અને ત્યારબાદ દર છ મહિને, શહેરનાં તમામ આશ્રયોના સ્ટાફમાં અનુભવની આપ-લે થાય એ માટે કાર્યશાળાઓ યોજવી. |
| | | **નવો ખંડ ઉમેરવો ખંડ ૮.૯ :**<br>દરેક આશ્રયે રહેણાકોના અધિકારો અને જવાબદારીઓ દર્શાવતું પાટિયું મૂકવું. |
| ૯. | **ખંડ - ૯.૪** નવા આશ્રયસ્થાનો માટે જમીન લાવવાની જવાબદારી રાજય સરકાર / યુએલબીની રહેશે. જમીન માટેના જરૂરી તમામ કલીયરન્સ અને મંજૂરીઓ દરખાસ્ત તૈયાર કરતાં પહેલા મેળવવાના રહેશે. જમીન સંપાદનનું ખર્ચ યોજના અંતર્ગત ભંડોળ માટે પાત્ર નથી. | નવા આશ્રયસ્થાનો માટે જમીન લાવવાની જવાબદારી રાજય સરકાર / યુએલબીની રહેશે. ઘણીવાર રેલવે, બસ સ્ટેન્ડ, પોર્ટ ટ્રસ્ટ, હોસ્પિટલો, બિન સરકારી સંગઠનો, ચેરિટેબલ ટ્રસ્ટો અથવા આવાં અન્ય સંગઠનો પાસે વણપવરાયેલી જમીન ઉપલબ્ધ હોય છે; અને આ જમીન રાજ્યો/ યુ.એલ.બી.ની માલીકીની હોતી નથી. આવા સંજોગોમાં, રાજ્યો/ યુ.એલ.બી., જમીનની માલિકીવિધિસર રીતે તબદલી કર્યા વિના અથવા તબદલી કરીને, આશ્રયોનાં બાંધકામ અને નિભાવ માટે જમીનનો ઉપયોગ કરવા સંબંધિત સંગઠન સાથે કોઇ ગોઠવણ કરી શકે. જમીન માટેના જરૂરી તમામ કલીયરન્સ અને મંજૂરીઓ દરખાસ્ત તૈયાર કરતાં પહેલા મેળવવાના રહેશે. જમીન સંપાદનનું ખર્ચ આ યોજના અંતર્ગત ભંડોળ માટે પાત્ર નથી. |

| | | |
|---|---|---|
| ૧૦. | ખંડ- ૯.૭ હાલની ઈમારતોના પુનરૂદ્ધાર માટે જરૂરી મંજૂરીઓ, પટાભાડા કરાર, માલિકી ખત અને પ્રોજેકટ દરખાસ્તમાં રજૂ કરવા જરૂરી હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા જરૂરી છે. | હાલની ઈમારતોના પુનરૂદ્ધાર માટે જરૂરી મંજૂરીઓ, પટાભાડા કરાર, માલિકી ખત અને પ્રોજેકટ દરખાસ્તમાં રજૂ કરવા જરૂરી હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા જરૂરી છે. હાલમાં અસ્તીત્વ ધરાવતાં માળખાંનાં સંચાલન અને નિભાવ માટે ભંડોળ આપવા માટે પણ પ્રોજેકટ મંજૂરી સમિતિની મંજૂરી જરૂરી બનશે. |
| ૧૧. | **ખંડ- ૧૨.૧ ઉપભોકતા ફી**<br>ઉપભોકતા ફી જો કોઈ હોય તો, આશ્રયસ્થાનોની કામગીરીમાં નિવાસીઓની સહભાગિતામાં સુધારણા થાય તે હેતુથી લેવામાં આવશે અને તે નજીવી હશે. આવી રીતે એકત્રિત કરાયેલા ફંડનો ઉપયોગ સુવિધાઓની જાળવણી માટે કરી શકાશે. કોઈપણ અમલકર્તા અધિકારી દ્વારા ઉપભોકતા ફીનાં ધોરણો અને તેનો ઉપયોગ કરવાની પધ્ધતિ નીચે મુજબ રહેશે.<br>ખ) આશ્રયસ્થાને આપવામાં આવતા ભોજન માટે વૃધ્ધ, અશકત અશકત મહિલાઓ અને પુરુષો અને તમામ બાળકોને સંપૂર્ણ સહાય આપવામાં આવશે. અન્ય આશ્રયસ્થાન નિવાસીઓ માટે, રાજય / યુએલબી દ્વારા નકકી કર્યા પ્રમાણેના સહાયક દરે ભોજન આપી શકાશે. | ઉપભોકતા ફી જો કોઈ હોય તો, આશ્રયસ્થાનોની કામગીરીમાં નિવાસીઓની સહભાગિતામાં સુધારણા થાય તે હેતુથી લેવામાં આવશે અને તે નજીવી હશે. આવી રીતે એકત્રિત કરાયેલા ફંડનો ઉપયોગ સુવિધાઓની જાળવણી માટે કરી શકાશે. કોઈપણ અમલકર્તા અધિકારી દ્વારા ઉપભોકતા ફીનાં ધોરણો અને તેનો ઉપયોગ કરવાની પધ્ધતિ નીચે મુજબ રહેશે.<br>ખ) આશ્રયસ્થાને આપવામાં આવતા ભોજન માટે વૃધ્ધ, અશકત અશકત મહિલાઓ અને પુરુષો અને તમામ બાળકોને સંપૂર્ણ સહાય આપવામાં આવશે. અન્ય આશ્રયસ્થાન નિવાસીઓ માટે, રાજય / યુએલબી દ્વારા નકકી કર્યા પ્રમાણેના સહાયક દરે ભોજન આપી શકાશે. આશ્રયમાં રહેતાં લોકોને વિનામૂલ્ય ભોજન પૂરું પાડી શકે તેવાં સખાવતી, ધાર્મિક અથવા અન્ય સંગઠનો સાથે જોડાણ કરવા પ્રયાસો કરવા. |
| ૧૨. | ખંડ- ૧૩.૪ આ ઉપરાંત, ઉદ્દેશો અને સિદ્ધિઓ હાંસલ કરવા માટે એનયુએલએમ | આ ઉપરાંત, ઉદ્દેશો અને સિદ્ધિઓ હાંસલ કરવા માટે એનયુએલએમ અંતર્ગત એક |

| | | |
|---|---|---|
| | અંતર્ગત એક સર્વગ્રાહી અને મજબૂત આઈટી- સક્ષામ એનયુએલએમ એમઆઈએસ સ્થાપવામાં આવશે. રાજયો અને યુએલબીએ તેમના પ્રગતિ અહેવાલો ઓનલાઈન રજૂ કરવા જરૂરી બનશે અને પ્રગતિની દેખરેખ માટે પણ આનો ઉપયોગ કરવો. માહિતીના જાહેર કરવાની ભાવના રાખીને અને એનયુએલએમ અંતર્ગત પારદર્શિતા સુનિશ્ચિત કરીને, એસયુએલવી અંતર્ગત મુખ્ય પ્રગતિ અહેવાલો પણ સમયસર જાહેર ક્ષોત્રમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત, રાજયો / યુએલબી અમલમાં મુકાનાર પ્રોજેકટની ગુણવત્તા તપાસ માટે સ્વતંત્ર ગુણવત્તા મૂલ્યાંકન હાથ ધરશે. આ ઉપરાંત, દરેક આશ્રયસ્થાનના સામાજિક ઓડિટનું આયોજન વર્ષમાં ઓછામાં ઓછું એક વખત કરવામાં આવશે. | સર્વગ્રાહી અને મજબૂત આઈટી- સક્ષામ એનયુએલએમ એમઆઈએસ સ્થાપવામાં આવશે. રાજયો અને યુએલબીએ તેમના પ્રગતિ અહેવાલો ઓનલાઈન રજૂ કરવા જરૂરી બનશે અને પ્રગતિની દેખરેખ માટે પણ આનો ઉપયોગ કરવો. માહિતીના જાહેર કરવાની ભાવના રાખીને અને એનયુએલએમ અંતર્ગત પારદર્શિતા સુનિશ્ચિત કરીને, એસયુએલવી અંતર્ગત મુખ્ય પ્રગતિ અહેવાલો પણ સમયસર જાહેર ક્ષોત્રમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંતદર ત્રણ મહિને આશ્રય સ્તરેજ સંબંધિત કાર્યરત આશ્રયનું કવૉલીટી ઓડિટ કરવામાં આવશે. આ ઓડિટ ત્રીજા પક્ષના બાહ્ય સમીક્ષકો જેવા કે આ હેતુ માટે નીમવામાં આવેલી યુનિવર્સીટીઓ, સ્વતંત્ર સંસ્થાઓ, નાગરિક સમાજની સંસ્થાઓ પાસે જ કરાવવાનું અપેક્ષિત છે. ઓડિટ અગાઉથી જાણ કર્યા વિના, અવલોકન અને મુલાકાત (ઇન્ટરવ્યુ)ની પદ્ધતિનો ઉપયોગકરીને કરવાનું છે. આશ્રયના સ્ટાફ અને નિવાસીઓ સાથે અલગથી ઇન્ટરવ્યુ કરવા. આ ઉપરાંત, દર વર્ષે ઓછામાં ઓછું એક વખત સામાજિક ઓડિટ કરાવવું. રાજ્યો/ યુએલબી અમલમાં મુકનાર પ્રોજેકટની ગુણવત્તા તપાસ માટે સ્વતંત્ર ગુણવત્તા મૂલ્યાંકન હાથ ધરશે. |
| ૧૩. | ખંડ- ૧૩.૫ રાજ્ય/ યુએલબી ફરિયાદ નિવાર તંત્ર જોડવું અંગે ધોરણો અને માર્ગદર્શક સૂચનો નિયત કરશે. | ખંડ- ૧૩.૫ રાજ્ય/ યુએલબી ફરિયાદ નિવાર તંત્ર જોડવું અંગે ધોરણો અને માર્ગદર્શક સૂચનો નિયત કરશે. આ અંગે |

| | | |
|---|---|---|
| | | કેટલીક સૂચક માર્ગદર્શક સૂચનાઓ નીચે આપવામાં આવી છે.<br><br>(૧) તમામ આશ્રયોમાં, આશ્રય ખાતે જ રહેણાકો જ્યાં ફરિયાદ નોંધાવી શકે એવું એક ફરિયાદ રજિસ્ટર જાળવવાનું રહેશે. જેમણે ફરિયાદ તાળુ મારેલા બોકસમાં નાખવી હોય તેમના માટે અવુંબોકસ પણ રાખવાનું રહેશે.<br><br>(૨) ફરિયાદ નોંધવામાં આવે ત્યારથી વધુમાં વધુ ૧૫ દિવસમાં તેનો ઉકેલ આવે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી આશ્રયના વ્યવસ્થાપકની રહેશે. આમછતાં જેનો ઉકેલ તાત્કાલિક લાવવો જરૂરી હોય એવી ફરિયાદો, જેમકે સંડાસ ભરાઇ જવા, અપૂરતી પથારીઓ અને પીવાના પાણીનો અભાવ વગેરેનો ઉકેલ ૨૪ કલાકમાં લાવવાનો રહેશે.<br><br>(૩) આશ્રય વ્યવસ્થાપન સમિતિએ રજિસ્ટરો સમયાંતરે તપાસવાં અને તેનો સમયસર ઉકેલ લાવવો. ફરિયાદનો ઉકેલ આ સ્તરે ન આવે તો, આશ્રયની સમીક્ષા અને દેખરેખ માટે શહેર સ્તરે જવાબદાર એવા ઇ.સી.નો સંપર્ક કરવો.<br><br>(૪) અન્ય રીતે એટલે કે ટેલિફોન, ઇ-મેઇલ, ટેકસ્ટ મેસેજ મારફત મળેલી ફરિયાદો પણ ફરિયાદ રજિસ્ટરમાં નોંધવી અને તેમનો ઉકેલ ૧૫ દિવસમાં લાવવો.<br><br>(૫) જાળવવામાં આવતા મેન્યુઅલ ફરિયાદ રજીસ્ટર ઉપરાંત ફરિયાદોના ઓનલાઇન રજિસ્ટ્રેશન માટેયોગ્ય પોર્ટલ |

| | | |
|---|---|---|
| | | વિકસાવવાના પ્રયાસો કરવા. |
| ૧૪. | નવો ખંડ ઉમેરવો | **ખંડ-૧૪ : પરખ અને બચાવ**<br><br>૧. આ યોજના પાછળનો જનાદેશ માત્ર આશ્રય બાંધવાનો જ નથી પરંતુ એ પણ સુનિશ્ચિત કરવાનો છે કે કોઇ વ્યક્તિ માથા પર સુરક્ષિત છતથી વંચિત ન રહે. તેથી આશ્રયો ચલાવતી સંસ્થાઓ તથા યુ.એલ.બી.એસ.એ એ અવશ્ય સુનિશ્ચિત કરવું કે તેમના વિસ્તારમાં ઘર વિહોણી એવી કોઇ વ્યક્તિ ન હોય જેને ખુલ્લામાં સૂવું પડતું હોય,આશ્રય ચલાવતી સંસ્થાની એ જવાબદારી રહેશે કે તે ઘરવિહોણા લોકોને શોધે અને તેમને આશ્રયમાં આવવા સમજાવે.<br><br>૨. શહેરી ઘરવિહોણી વ્યક્તિઓ માટેકામ કરતાં સીબીઓ, એન.જી.ઓ. અને અન્ય સંસ્થાઓને, ઘરકવિહોણી વ્યક્તિઓને તેઓ આશ્રયમાં આવવા પ્રેરે તે માટે સંવેદનશીલ બનાવવાં.<br><br>૩. અપંગ, બિમાર, ગુનાનો ભોગ બનેલાં, લાચાર, સગીર વયનાં બાળકોઅને અન્ય નબળાં વર્ગો સાથે ખૂબ જ સંવેદનાપૂર્વક વર્તવું. તેઓને શેરીઓમાંથી આશ્રયમાં લઇ આવવાં.<br><br>૪. સંસ્થાએ આ રીતે આશ્રયમાં લાવવામાં આવેલી બિમાર વ્યક્તિઓને જરૂર જણાય તો તબીબી સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઇ જવી.<br><br>૫. બચાવની પ્રક્રિયા દરમિયાન સ્થાનિક |

| | | |
|---|---|---|
| | | પોલીસને જાણ કરવી. સાથે સાથે સમાજ કલ્યાણ વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અથવા સંબંધિત અન્ય વિભાગનો સંપર્ક કરી તેમના રોકાણની એવાં ગૃહોમાં વ્યવસ્થા કરવી જે આ પ્રકારની ખાસ જરૂરિયાતો પૂરી કરવા માટે સજ્જ હોય અને જ્યાં રહી તેઓ સાજા થઇ શકે. |
| ૧૫. | નવો ખંડ ઉમેરવો | **ખંડ-૧૫ પ્રવેશ અને પ્રત્યાગમન**<br>૧. વ્યક્તિઓની સમાજિક વસ્તી સંબંધી વિગતો આશ્રયના સંયોજકે, આશ્રયમાં તેમના પ્રવેશ વખતે નિયત ફોર્મ (જોડાણ-૨)માં એકત્ર કરવી.<br>૨. આશ્રયના નિવાસીઓને આશ્રયના સંયોજક/ વ્યવસ્થાપકે પરામર્શન સહાય પૂરી પાડવી.<br>૩. જ્યાં જરૂર જણાય ત્યાં ઘરવિહોણી વ્યક્તિના પરિવારને શોધવા માટે સ્થાનિક પોલીસનો સક્રિય સહયોગ મેળવવો.<br>૪. ઘરવિહોણી વ્યક્તિએ કુટુંબ ત્યજી દીધું હોય તો, કુટુંબ પાસે ઉપલબ્ધ દસ્તાવેજોની કાળજીપૂર્વક ખરાઇ કરીને તાત્કાલિક તે વ્યક્તિનો કુટુંબ સાથે મેળાપ કરાવી આપવાની સંભાવના તપાસવા માટે કુટુંબ સાથે પરામર્શન કરવું. સંબંધિત કલ્યાણ વિભાગ/ પોલીસ/ એન.જીઓ./ સી.બી.ઓ.ના સક્રિય સહયોગથી આમ કરવું. |
| ૧૬. | **૧૪. માહિતીનો પ્રચાર**<br>શહેરી ઘરવિહોણા માટે | **૧૪. માહિતીનો પ્રચાર**<br>શહેરી ઘરવિહોણા માટે |

| | | |
|---|---|---|
| | આશ્રયસ્થાનોની ઉપલભ્યતા વિશેની માહિતી આખરી લાભાર્થીઓ એટલે કે લક્ષિત લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાના હેતુસર, રાજ્ય / યુએલબી દ્વારા નિયમિત ધોરણે પયર્ાપ્ત પ્રચાર પ્રસારનાં પગલાં લેવાં. | આશ્રયસ્થાનોની ઉપલભ્યતા વિશેની માહિતી આખરી લાભાર્થીઓ એટલે કે લક્ષિત લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાના હેતુસર, રાજ્ય / યુએલબી દ્વારા નિયમિત ધોરણે પયર્ાપ્ત પ્રચાર પ્રસારનાં પગલાં લેવાં. તમામ મહત્ત્વની જગ્યાઓ એટલે કે રેલવે સ્ટેશનો, બસ સ્ટેશનો, હોસ્પિટલો, ઉદ્યાનો, મહત્ત્વના બજાર વિસ્તારો ખાતે પોસ્ટરો, બેનર્સ, હોર્ડિંગ્ઝ મૂકીને આશ્રયના સ્થળ અનેઆશ્રયમાં ઉપલબ્ધ સુવિધાઓનો વ્યાપક પ્રચાર કરવો, જેથી ઘરવિહોણા લોકોને સંવેદનશીલ બનાવી શકાય અને આશ્રયનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરી શકાય. |

બિડાણ : A/a

સહી/-
(અવિનાશકુમાર મિશ્રા)
નિયામક (યુ.પી.એ.-૨)
ટેલિફોન – ૦૧૧-૨૩૦૬૨૯૨૩

**પ્રતિ**
તમામ સભ્યો/ સંઘપ્રદેશોના સચિવો

**નકલ રવાના :**
તમામ રાજ્યો/ સંઘપ્રદેશોના મિશન ડિરેક્ટર્સ
શ્રી ડી.એન. મોદી
સ્ટેટ મિશન ડિરેક્ટર, ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન
ગુજરાત સરકાર
જી.એમ.એફ.બી. બિલ્ડીંગ નિગમ વિસ્તાર,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

## જોડાણ-૩

## શહેરી ઘરવિહોણા લોકોની મોજણી

**મુખ્ય ઉદ્દેશ**

આ મોજણીના નીચે મુજબના ચાર ઉદ્દેશ છે.

૧. આયોજનકર્તાઓને દરેક શહેર/ નગરમાં વસતા ઘરવિહોણા લોકોનો વિગતવાર આલેખ પૂરો પાડવો.

૨. દરેક શહેર / નગરમાં વસતા ઘરવિહોણા લોકોનું વસ્તી વિષયક ચિત્ર પ્રસ્થાપિત કરવું.

૩. દરેક શહેર/ નગરમાં યોગ્ય સ્થળોએ આશ્રયો માટે જરૂરી આધાર માળખું પૂરું પાડવા માટે જરૂરી જમીન અને ખાલી મકાનો જેવાં સરકારી સંસાધનો પારખવાં.

૪. લાભાર્થીઓની ચોક્કસ જરૂરીયાતો તપાસી દરેક શહેર/ નગરમાં જરૂરી આશ્રયોનું સ્થળ અને પ્રકાર નક્કી કરવાં.

**મોજણીને ત્રણ તબક્કાઓમાં વિભાજિત કરવી.**

**(ક) આયોજનનો તબક્કો**

શહેરના વહીવટી માળખાની અંદર રહીને તેને સુસંગત નાનાં, વધુ સુગઠિત ક્ષેત્રો પ્રદેશોમાં શહેરને વિભાજિન કરવું અને આ ક્ષેત્રોનાં કદ અનેવસ્તીના આધારે ટૂકડીઓ ગોઠવવી. ક્ષેત્ર મોજણી માટે દરેક ટૂકડીમાં લગભગ ચાર વ્યક્તિઓનો સમાવેશ કરવો. આ વ્યક્તિઓ રાજ્ય અને સ્થાનિક સરકારી

અધિકારીઓ, એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ, ઘરવિહોણા યુવા સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ તથા યુવા સ્વયંસેવકો (એન.એસ.એસ. અને નહેરુ યુવા કેન્દ્રમાંથી)નું સંયોજન હોવું જોઇએ. આ ઉપરાંત દરેક ટૂકડી સાથે બે ડેટા એન્ટ્રી પૃથક્કરણ નિષ્ણાતોને પણ જોડવા અને આમ કુલ છ વ્યક્તિઓની ટૂકડી બનાવવી. પ્રક્રિયામાંથી શીખવા અને મદદરૂપ બનવા માટે દરેક ટૂકડીમાં વધારાના વિદ્યાર્થી સ્વયંસેવકો પણ રાખવા.

સંબંધિત યુ.એલ.બી. દ્વારા ઘરવિહોણા લોકોની મોજણી માટેનો પ્લાન તૈયાર કરવાનો રહેશે, જેમાં નીચેની વિગતોનો સમાવેશ થવો જોઇશે.

૧. અગાઉની મોજણીઓ અથવા માહિતીના અન્ય કોઇપણ સ્રોતોના આધારે ઘરવિહોણા લોકો જયાં વધુ સંખ્યામાં જોવા મળતા હોય એ વિસ્તારોની પરખ.

૨. શહેરનું ક્ષેત્રો/ પ્રદેશોમાં વિભાજન કરી તેમાંથી ડેટા એકઠો કરવો.

૩. મોજણી હાથ ધરવાની પદ્ધતિ

૪. વસ્તી વિષયક ચિત્ર મેળવવા માટેની પ્રશ્નાવલિ

૫. ફોકસ ગ્રુપની ચર્ચાને ચોક્કસ દિશા આપવા માટે ઇન્ટરવ્યુમાં પૂછવાના પ્રશ્નોની યાદી.

૬. રજૂ કરવાના અહેવાલનું વિષયવસ્તુ અને ફોર્મેટ

૭. મોજણી પૂરી કરવાની સમયમર્યાદા.

૮. ગુણાત્મક અને પ્રમાણાત્મક ડેટા એકઠો કરવામાં સહાયક બને એવા સહયોગીઓની યાદી.

મોજણી પહેલાં, ટૂકડીઓને નીચેના વિષયો પર વિશેષ તાલીમ આપવી.

૧. મોજણીનો હેતુ

૨. ઘર વિહોણા લોકોનો ચિતાર અને સમસ્યાઓ

૩. અપેક્ષિત પરિણામો

૪. સહભાગિતાપૂર્ણ સંશોધન પદ્ધતિઓ

૫. નૈતિક જવાબદારીઓ

મોજણી શરૂ કરતા પહેલાં બે દિવસો અગાઉ વિશેષ તાલીમ માટેની સામગ્રી પૂરી પાડવી, જેથી તાલીમાર્થીઓ તેને તાલીમ મેળવતા પહેલાં વાંચી શકે, તાલીમમાં ડેટા એન્ટ્રી અને એનાલિસિસ ટીમ વત્તા કોઇ સ્વયંસેવક હોય તો તેનો સમાવેશ કરવો.

**ખ. ક્ષેત્ર મોજણી : આલેખન અને જરૂરિયાતોનું પૂર્વ મૂલ્યાંકન**

તાલીમબદ્ધ મોજણી ટૂકડીઓ તૈયાર થઇ ગયા પછી જ મોજણી શરૂ થશે. ક્ષેત્ર મોજણી ૮ વાગ્યાથી શરૂ કરવી કારણ કે ઘરવિહોણા લોકોને સામાન્ય રીતે આ જ સમયે શોધી અને મળી શકાશે. આ ઉપરાંત, રાત્રિ દરમિયાન કામ કરતા હોય તેવા ઘરવિહોણા લોકોને આવરી લેવા માટે દિવસ દરમિયાન એટલે કે સવારે ૧૦.૦૦ થી બપોરના ૪.૦૦ દરમિયાન એક બે દિવસ માટે મોજણીનું આયોજન કરવું. મોજણી દરમિયાન અનુસરવાનાં પગલાં.

૧. ઘરવિહોણા લોકો જ્યાં વધુ પ્રમાણમાં જોવા મળતા હોય એવા વિસ્તારો પારખવા.

૨. આ વિસ્તારોમાં જેન્ડર, વય, શિક્ષણ, ધંધો, વિવાહિત દરજ્જો, બાળકોની સંખ્યા, માંદગીનો ઇતિહાસ વગેરેના સંદર્ભમાં ઘરવિહોણા લોકોની રૂપરેખા તૈયાર કરવી. વિકલાંગતા ધરાવતા લોકોને અલગરીતે વર્ગીકૃત કરવા.

૩. આશ્રયનો ઉપયોગ કરવા માગતા હોય તેવા ઘરવિહોણા લકોની આશ્રયસંબંધી આકાંક્ષાઓ જાણવી અને આશ્રયનો ઉપયોગ કરવાનું ટાળતા લોકો આશ્રયમાં આવતા કેમ ખચકાય છે તે જાણવું.

૪. એવા સંભવિત મકાનો શોધવા જે તેમની હાલની સ્થિતિમાં જ અથવા અપગ્રેડ કરીને આશ્રય તરીકે ઉપયોગમાં લઇશકાય અને એવી જગ્યાઓ શોધવી જ્યાં નવાં આશ્રયો બાંધી શકાય.

ઘરવિહોણા લોકો પાસેથી સારામાં સારો પ્રતિભાવ મેળવી શકાય તે માટે જૂથ ચર્ચાની પદ્ધતિનો ઉપયોગ કરી તેઓની જરૂરિયાતોનો ક્યાસ કાઢવો.

જૂથ ચર્ચામાં નીચેના મુખ્ય વિષયોને આવરી લેતા, નીચે મુજબના સૂચક પ્રશ્નો પૂછવા.

૧. મહિલાઓ અને બાળકો સહિત, ઘરવિહોણા લોકોની આશરે કુલ વસ્તી કેટલી છે?

૨. એક ચોક્કસ સમૂહમાં ઘરવિહોણા લોકોની ઉંમર અને જાતી (લિંગ) મુખ્યત્વે શું છે?

૩. ઘરવિહોણા લોકોના સમૂહ મુખ્યત્વે કયા વ્યવસાય/ ધંધો કરે છે?

૪. તેઓની કોઇ ખાસ જરૂરિયાતો અને સમસ્થાઓ છે? જેમકે વિકલાંગતા, રકતપિત્ત, ક્ષયરોગ, માદક પદાર્થોનું અતિ સેવન વગેરે.

૫. મોટાભાગના ઘરવિહોણા લોકો આ જગ્યાએ એક વર્ષથી વધુ કે ઓછા સમયથી જોવા મળે છે?

૬. તેઓ માટે કોઇ આશ્રય સુલભ છે? જો હોય તો, આવા આશ્રયમાં રહેવાનો તેમનો અનુભવ કેવો છે?

૭. સરકાર તેઓ માટે આશ્રય ઊભાં કરે તો તેઓ તેને આવકારશે, વિરોધ કરશે કે તેના પ્રત્યે તેઓ ઉદાસીન રહેશે? તે માટેનાં કારણો પૂછો.

૮. તેઓને આશ્રય મળે તો તેના સ્થળ, સુવિધાઓ અને વ્યવસ્થાપન અંગેની તેમની અપેક્ષાઓ શું છે?

૯. તેમના વિસ્તારમાં આશ્રય બાંધી શકાય એવાં કોઇ સંસાધનો ઉપલબ્ધ છે? જેમ કે જમીન અથવા મકાન.

દરેક ટૂકડી માહિતી નોંધશે અને તેને વિગતવાર એકત્ર કરશે. મોજણીનાં પરિણામો ઝડપથી મળે તે સુનિશ્ચિત કરવા મોજણીની સાથેસાથે જ ડેટા એન્ટ્રી કરાવવી.

૧. આલેખનો (મેપ્સ) પરથી ઘરવિહોણા છૂટાછવાયા લોકો તેમજ સમૂહો કયાં જોવા મળે છે તે સ્થાનોનો નિર્દેશ કરતા હોવાં જોઇએ.

૨. મોજણીનાં એકત્ર કરવામાં આવેલાં તુલનાત્મક પરિણામો.

૩. કોઇ ચોક્કસ વિસ્તારમાં આશ્રયનાં સ્થાનો, પ્રકારો અને જરૂરી આશ્રયોની સંખ્યા નક્કી થઇ શકશે તેમજ જમીન અને મકાન જેવાં ઉપલબ્ધ સંસાધનોની જાણકારી મળશે.

૪. સંસધનોનો આલેખ તૈયાર કરવાના બીજા તબક્કા માટેની પ્રશ્નાવલિને આખરીરૂપ આપી શકાશે.

(ગ) સંસાધનોનો આલેખ તૈયાર કરવો.

બીજો તબક્કો સંસાધનોનો આલેખ તૈયાર કરવાનો છે. આ તબક્કામાં જે સંસાધનોનો આલેખ તૈયાર કરવાનો છે તે છે – (ક) હાલનાં આશ્રયો (ખ) યોગ્ય મરામત અને સુધારકા-વધારા સાથે જેમનોઆશ્રય તરીકે ઉપયોગ કરી શકાય તેવા વપરાયેલાં અને વણવપરાયેલાં સરકારી મકાનો તથા (ગ) નવાં આશ્રયોનાં મકાનો માટેની યોગ્ય સંભવિત જગ્યા બની શકે તેવી ખાલી જમીનો. આ પ્રક્રિયાના અંતે, નીચે મુજબનાં પરિણામો પ્રાપ્ત થવાની અપેક્ષા છે.

૧. પસંદ કરવામાં આવેલાં તમામ સંભવિત મકાનો અને આશ્રયોની જગ્યાઓના ક્ષેત્ર સંસાધન આલેખની મોજણી થઇ શકશે.

૨. સરકારી એજન્સીઓ સાથે મળીને, પસંદ કરવામાં આવેલાં જગ્યા અને મકાનોનો ઉપયોગ આશ્રયો બાંધવા/ અપગ્રેડ કરવા માટેની સંભાવના નક્કી કરી શકાશે.

૩. પરિણામો એકઠાં કરી શહેર સ્તરે સંબંધિત શહેરી સંસ્થાઓને રજૂ કરી શકાશે.

૪. અહેવાલમાં કરવાની ભલામણો અંગે ચર્ચા કરી શકાશે.

**(ઘ) જાણ કરવી અને વિગતોની આપ-લે કરવી.**

જગ્યાઓ અંગેના પરિણામો પ્રસ્થાપિત થઇ જાય એ પછીનું પગલું ઘરવિહોણા લોકો માટે સર્વગ્રાહી શહેર યોજના તૈયાર કરી તેને આખરીરૂપ

આપવાનું છે. આમાં ઘરવિહોણા લોકો માટે આશ્રયો અને સેવાઓ માટેની જગ્યા, આશ્રયોના પ્રકાર, ઘરવિહોણા લોકોની સંખ્યા જ્યાં વધારે હોય તે વિસ્તારોમાં ઉપલબ્ધ સંસાધનો સાથે પહોંચવું વગેરેનો સમાવેશ થાય છે.

આ કામગીરી મ્યુનિસિપલ સંત્તામંડળો, ઘરવિહોણા લોકો, સ્કૂલ ઓફ સોશ્યલ વર્ક એન્ડ આર્કિટેકચર, CBPs. MSS અને કોલેજના વિદ્યાર્થીઓ સાથે મળીને કરવી. આ તબક્કાને અંતે, નીચેનાં પરિણામો મળવાની અપેક્ષા છે.

૧. જ્યાં ઘરવિહોણા લોકોની સંખ્યા વધુ હોય એવા વિસ્તારો, તેમના વિશેની જાણકારી, આવા દરેક વિસ્તારમાં જોવા મળતા ઘરવિહોણા લોકોની જરૂરિયાતો અને અપેક્ષાઓનું વિશ્લેષણ થઇ શકશે.

૨. ઓછામાં ઓછી નીચેની બાબતો સાથેનો અહેવાલ તૈયાર થઇ શકશે.

(ક) આશ્રયોની જગ્યા

(ખ) આશ્રયોના પ્રકાર (કામ કરતી એકલી મહિલાઓ માટે' એકલી મહિલાઓ અનેતેમના આશ્રિતો માટે, માદક પદાર્થોનું સેવન કરતા, ગંભીર બીમારીમાંથી સાજા થઇ રહેલા, વૃદ્ધ, વિકલાંગ અને અપંગ લોકોની ખાસ જરૂરિયાતો પૂરી કરતાં આશ્રયો.

(ગ) દરેક આશ્રયની ક્ષમતા

(ઘ) આશ્રય ખાતે પૂરી પાડવાની સુવિધાઓ અને સેવાઓ.

(ચ) પ્રવર્તમાન સંસાધનો સામેજરૂરી સંસાધનોની વિગતો.

(છ) પ્રોજેકટ માટે તૈયાર કરવામાં આવેલા ડેટાની સોંપણી.

**જોડાણ-૨**

## ઘરવિહોણા લોકોની નોંધણી

નામ :

માતા/પિતા/ પતિનું નામ

વય                    પુરુષ/સ્ત્રી :

શૈક્ષણિક લાયકાત :

પરણિત/ અપરણિત                    બાળકોની સંખ્યા :

વ્યક્તિગત ઓળખ ચિહ્ન

સ્થળ / પત્તો

પ્રવૃત્તિ /વ્યવસાય

સરનામા સહિત મૂળ સ્થળ

સંદર્ભ/ સંપર્ક વ્યક્તિ અને ફોન નં.

આરોગ્ય સંબંધી સ્થિતિ

---

ટેવો/ આદતો

યુએલબીમાં રોકાવાનાં કારકણો

રોકાણ                    કાયમી/ હંગામી

વિશેષ નોંધ / વિશેષ ધ્યાન

સહી/- અંગુઠાનું નિશાન

મોજણીદારની સહી

કચેરી ઉપયોગ માટે

આશ્રયનું નામ :

સ્થળ:

વોર્ડ નં.

યુએલબીનું નામ :

આશ્રયનો હવાલો ધરાવતી વ્યક્તિ

**એફ. નં. કે -૧૪૦૧૧/૨/૨૦૧૨-યુપીએ/એફટીએસ-૫૧૯૬**

**ભારત સરકાર**

**આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય**

**(યુપીએ પ્રભાગ)**

**નિર્માણ ભવન, નવી દિલ્હી,**

**તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૬**

**કચેરી યાદી**

**વિષય** : નેશનલ અર્બન લાઇવલીહુડ મિશન (એન.યુ.એલ.એમ.)નું વિસ્તરણ અને તેનું પુન: નામ કરણ.

શહેરી વિસ્તારોમાં ગરીબો માટે આજીવિકાની તકો સુધારવાના લક્ષ સાથે નેશનલ અર્બન લાઇવલીહુડ મિશનનો વ્યાપ વધારાવાનુંવિચારાયું છે. રાજ્યો/ સંઘ પ્રદેશો, સ્થાનિક ક્ષમતા અને જરૂરિયાતના આધારે, તમામ વૈધાનિક નગરોમાં, આ મિશનના તમામ અથવા કોઇપણ ઘટકનો અમલકરી શકે છે. વિસ્તરિત વ્યાપસાથે આ મિશનને હવે ‘‘દીન દયાલ અંત્યોદય યોજના (Day) નેશનલ અર્બન લાઇવલીહુડ મિશન” નામ આપવામાં આવ્યું છે. તદનુસાર, એન.યુ.એલ.એમ. મિશન ડોકયુમેન્ટમાં નીચે મુજબના સુધારા તાત્કાલિક અસરથી બહાર પાડવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | ખંડ- ૩.૧ બારમી પંચવર્ષીય યોજનામાં એનયુએએલએમનો અમલ તમામ જિલ્લા મુખ્ય મથક નગરો તેમજ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૧,૦૦,૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતાં અન્ય તમામ શહેરોમાં કરવામાં આવશે આમ છતાં, રાજયોની વિનંતીથી અપવાદરૂપ કિસ્સાઓમાં અન્ય નગરોમાં પણ તેનો અમલ થઈ શકશે | મિશનનો અમલ તમામ જિલ્લા મુખ્ય મથક નગરો તેમજ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૧,૦૦,૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતાં અન્ય તમામ શહેરોમાં કરવામાં આવશે. રાજ્યો/ સંઘ પ્રદેશો, સ્થાનિક ક્ષમતા અને જરૂરિયાતના આધારે, અન્ય કોઇપણ વૈધાનિક નગરમાં મિશનના તમામ અથવા કોઇપણ ઘટકનો અમલ કરી શકશે. |

<table>
<tr>
<td>૨.</td>
<td>ખંડ- ૪. ૧૪ સીટી લાઈવલીહૂડ સેન્ટર્સ નીચેનાં ધોરણો મુજબ સ્થાપી શકાશે.
<table>
<tr><td>શહેરની વસ્તી</td><td>સ્થાપવાના સીએલસીએસની સંખ્યાની ટોચ મયર્યાદા</td></tr>
<tr><td>૧-૩ લાખ</td><td>૧</td></tr>
<tr><td>૩ લાખથી વધુ પરંતુ ૫ લાખ સુધી</td><td>૨</td></tr>
<tr><td>૫ લાખથી વધુ પરંતુ ૧૦ લાખ સુધી</td><td>૩</td></tr>
<tr><td>૧૦ લાખથી વધુ</td><td>૮</td></tr>
<tr><td>૧ લાખથી ઓછી વસ્તી ધરાવતાં જિલ્લા મુખ્ય મકથકના નગરો</td><td>૧</td></tr>
</table>
</td>
<td>સીટી લાઈવલીહૂડ સેન્ટર્સ નીચેનાં ધોરણો મુજબ સ્થાપી શકાશે.
<table>
<tr><td>શહેરની વસ્તી</td><td>સ્થાપવાના સીએલસીએસની સંખ્યાની ટોચ મયર્યાદા</td></tr>
<tr><td>૧-૩ લાખ</td><td>૧</td></tr>
<tr><td>૩ લાખથી વધુ પરંતુ ૫ લાખ સુધી</td><td>૨</td></tr>
<tr><td>૫ લાખથી વધુ પરંતુ ૧૦ લાખ સુધી</td><td>૩</td></tr>
<tr><td>૧૦ લાખથી વધુ</td><td>૮</td></tr>
<tr><td>૧ લાખથી ઓછી વસ્તી ધરાવતાં જિલ્લા મુખ્ય મકથકના નગરો અને અન્ય વૈધાનિક શહેરો</td><td>૧</td></tr>
</table>
</td>
</tr>
<tr>
<td>૩.</td>
<td>ખંડ- ૫.૪ મિશન મંગલમ યુનિટસ કેન્દ્ર, રાજયો અને એનયુએલએમ હેઠળનાં મિશન શહેરોમાં ખાસ ટેકનિકલ સહાય સાથે નીચે મુજબ સ્થાપવામાં આવશે.</td>
<td>મિશન મંગલમ યુનિટસ કેન્દ્ર, રાજયો અને એનયુએલએમ હેઠળનાં મિશન શહેરોમાં ખાસ ટેકનિકલ સહાય સાથે નીચે મુજબ સ્થાપવામાં આવશે.</td>
</tr>
</table>

| મિશન મેનેજમેન્ટ યુનિટ | યુનિટ દીઠ ટેકનિકલ સ્ટાફની સંખ્યા |
|---|---|
| NMMU | ૧૦ |
| SMMU મોટાં રાજ્યો | ૬ |
| SMMU નાનાં રાખ્યો | ૪ |
| CMMU- DHQ નગરો (૧લાખથી ઓછી વસ્તી ધરાવતાં) અને નાનાં નગરો (૧ થી ૩ લાખ સુધીની વસ્તી ધરાવતાં) | |
| CMMU મધ્યમ શહેરો (૩ થી ૫ લાખ સુધીની વસ્તી ધરાવતાં) | ૩ |
| CMMU મોટાં નગરો (૫ લાખથી વધુ વસ્તી ધરાવતાં) | ૪ |
| સામુદાયિક સંગઠકો (સીઓ) | ૩૦૦૦ શહેરી ગરીબ કુટુંબો દીઠ ૧ સીઓ. |

| મિશન મેનેજમેન્ટ યુનિટ | યુનિટ દીઠ ટેકનિકલ સ્ટાફની સંખ્યા |
|---|---|
| NMMU | ૧૦ |
| SMMU મોટાં રાજ્યો | ૬ |
| SMMU નાનાં રાખ્યો | ૪ |
| CMMU- DHQ નગરો (૧લાખથી ઓછી વસ્તી ધરાવતાં) અને વૈધાનિક નગરો (૫૦,૦૦૦ થી ૩ લાખ સુધીની વસ્તી ધરાવતાં) | |
| CMMU મધ્યમ શહેરો (૩ થી ૫ લાખ સુધીની વસ્તી ધરાવતાં) | ૩ |
| CMMU મોટાં નગરો (૫ લાખથી વધુ વસ્તી ધરાવતાં) | ૪ |
| સામુદાયિક સંગઠકો (સીઓ) | ઓછમાં ઓછા શહેર દીઠ ૧ સી.ઓ. સહિત ૩૦૦૦ શહેરી ગરીબ કુટુંબો દીઠ ૧ સીઓ. |

૫૦,૦૦૦થી ઓછી વસ્તી ધરાવતાં શહેરોમાં કોઇ વિશિષ્ટ (dedocated) CMMU પૂરું

| | | |
|---|---|---|
| | | પાડવામાં આવશે નહીં. આવાં શહેરોના કિસ્સામાં કાં તો સૌથી નજીકના શહેરના CMMU પાસેથી તકનિકી મદદ મેળવવાની રહેશે અથવા મિશનના અમલ માટે રાજ્ય/ સંઘપ્રદેશ તેમનો પોતાનો સ્ટાફ ગોઠવશે. |

૨. મિશનના જુદા જુદા ઘટકોની માર્ગદર્શક સૂચનાઓમાં તદનુસાર સંબંધિત જોગવાઇઓમાં સુધારો થાય છે.

સહી/-
(અર્ચના મિત્તલ)
નિયામક (યુ.પી.એ.-૧)

**એફ. નં. કે -૧૪૦૧૧/૧૫/૨૦૧૬-યુપીએ/એફટીએસ-૧૬૩૨૦**

**ભારત સરકાર**

**આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય**

**(યુપીએ પ્રભાગ)**

**નિર્માણ ભવન, નવી દિલ્હી,**

**તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૧૬**

**કચેરી યાદી**

**વિષય** : દીનદયાલ અંત્યોદય મિશન- નેશનલ અર્બન લાઇવલીહુડ મિશન (**DAY-NULM**)ની માર્ગદર્શક સૂચનાઓમાં સુધારો કરવા બાબત.

ઉપર્યુકત વિષય પરત્વે આજ્ઞાનુસાર ધ્યાન દોરતાં જણાવવાનું કે, તા. ૧૯મી જુલાઇ, ૨૦૧૬ના રોજ મળેલી ગવર્નીંગ કાઉન્સીલની મંજૂરીથી **DAY-NULM**ની સંચાલનલક્ષી માર્ગદર્શક સૂચનાઓના નીચેનાં ખંડો સુધારવામાં આવ્યા છે.

૧. **DAY-NULM** હેઠળના સ્વરોજગાર કાર્યક્રમની સંચાલનલક્ષી માર્ગદર્શક સૂચનાઓ.

તા. ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૩ની કચેરી યાદી ક્રમાંક કે- ૧૪૦૧૪/૫૮(૧૦) /૨૦૧૨-યુપીએ અન્વયે બહાર પાડવામાં આવેલ અને તા. ૧૫મી જૂન, ૨૦૧૬ના પત્ર ક્રમાંક : કે-૧૪૦૧૪/૩૭/૨૦૧૦- યુપીએ (ભાગ-૨) / એફટીએસ-૧૪૪૦૩થી સુધારવામાં આવેલ, દીનદયાલ અંત્યોદય યોજના- નેશનલ અર્બન લાઇવલીહુડ મિશન (**DAY-NULM**)માં હવે નીચે મુજબ વધુ સુધારા કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | ખંડ- ૨ લાભાર્થીની પસંદગી સામૂહિક સંગઠકો અને શહેરના સ્થાનિક મંડળના વ્યવસાયીઓ શહેરના ગરીબો પૈકી સંભવિત | લાભાર્થીની પસંદગી સામૂહિક સંગઠકો અને શહેરના સ્થાનિક મંડળના વ્યવસાયીઓ શહેરના ગરીબો પૈકી સંભવિત લાભાર્થીઓને |

| | | |
|---|---|---|
| | લાભાર્થીઓને મુકરર કરશેરાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ અંતર્ગત રચાયેલ સામાજિક માળખા, દા.ત. સ્વસહાય જૂથો (એસએચજી) / વિસ્તાર કક્ષાના ફેડરેશનો (એએલએફ) સંભવિત વ્યકિતગત અને જૂથ સાહસિકોને સ્વરોજગાર કાર્યક્રમ અંતર્ગત નાણાં સહાય માટે શહેરના સ્થાનિક મંડળમાં મોકલશે. લાભાર્થીઓ શહેરના સ્થાનિક મંડળનો સીધો જ સંપર્ક કરી શકે અથવા તો તેના પ્રતિનિધિને પણ મળી શકે. બેંકો ખાતે પણ સંભવિત લાભાર્થીઓને મુકરર કરી શકે અને તેઓને સીધા શહેરના સ્થાનિક મંડળને મળવા માટે મોકલી શકે. | મુકરર કરશેરાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ અંતર્ગત રચાયેલ સામાજિક માળખા, દા.ત. સ્વસહાય જૂથો (એસએચજી) / વિસ્તાર કક્ષાના ફેડરેશનો (એએલએફ) સંભવિત વ્યકિતગત અને જૂથ સાહસિકોને સ્વરોજગાર કાર્યક્રમ અંતર્ગત નાણાં સહાય માટે શહેરના સ્થાનિક મંડળમાં મોકલશે. લાભાર્થીઓ શહેરના સ્થાનિક મંડળનો સીધો જ સંપર્ક કરી શકે અથવા તો તેના પ્રતિનિધિને પણ મળી શકે. બેંકો ખાતે પણ સંભવિત લાભાર્થીઓને મુકરર કરી શકે અને તેઓને સીધા શહેરના સ્થાનિક મંડળને મળવા માટે મોકલી શકે. પહોંચ વધારવા માટે બેંકો તેમની પેનલ પરના બીઝનેસ કોરસ્પોન્ડન્ટ્સ (BCs) અને બીઝનેસ ફેસીલીટેટર્સ (BFs)નો ઉપયોગ કરી શકે છે. આ માટે બેંકોની નીતિ અનુસારયોગ્ય તકેદારી લેવાની રહેશે. |
| ૨. | **ખંડ- ૩.શૈક્ષણિક લાયકાત અને તાલીમની જરૂરિયાત :**<br>ખંડ - ૩.૪ આ ઘટક અંતર્ગત લાભાર્થીઓને તાલીમ આપવા અંગે જે ખર્ચ થાય તે કૌશલ, તાલીમ અને સ્થળ-નિર્ધારણ દ્વારા રોજગાર ઘટક હેઠળની અંદાજપત્રીય જોગવાઈમાંથી મેળવી લેવું. | ખંડ – ૩.૪<br>વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો અને જૂથ ઉદ્યોગ સાહસિકોને અનુવર્તી ઉદ્યોગ સાહસિકતા સહાય.<br>વ્યક્તિગત અને જૂથ લાભાર્થીઓને નાણા સહાય પૂરી પાડ્યા બાદ યુ.એલ.બી. જ્યારે જરૂર જણાય ત્યારે અનુવર્તી ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમ યોજવાની વ્યવસ્થા કરશે. જેને લોન આપવામાં આવી હોય તેવા દરેક લાભાર્થી માટે આવો કાર્યક્રમ છ મહિનામાં એકવાર યોજવો યોગ્ય ગણાશે. |

| | | |
|---|---|---|
| | | અનુવર્તી ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓએ જે સમસ્યાઓ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોય તેની ચર્ચા કરવી અને તેના ઉકેલો પણ પૂરા પાડવા. |
| ૩. | **ખંડ- ૫. વ્યાજસહાયકી મેળવવા માટેની કાર્યપધ્ધતિ**<br>ખંડ- ૫.૫ રાજય કક્ષાની બેંકર્સ સમિતિ રાજય સરકાર સાથે પરામર્શ કરીને દાવા એકત્રિત કરવા / મંજૂર કરવા માટે વૈકલ્પિક પધ્ધતિ ઘઢી કાઢવાનો વિકલ્પ છે. | **ખંડ-૫.૫**<br>વ્યાજુકી સહાયકી પૂરી પાડવા માટેની નોડલ એજન્સી<br>દરેક બેંક સંબંધિત સ્ટેટ લેવલ બેંકર્સ કમિટિ (એલ.એલ.બી.સી.)ના કન્વિનર સાથે પરામર્શ કરી કોઇ જાહેર ક્ષેત્રની બેંકને નોડલ બેંક તરીકે રોકી શકે છે.<br>તમામ બેંકો તેમની શાખાઓ પાસેથી વ્યાજુકી સહાયકી અંગેનો ડેટા એકત્રિત કરશે અને તેને નોડલ બેંકના પોર્ટલ પર અપલોડ કરશે. તેની ખરાઇ કર્યા બાદ નોડલ બેંક વ્યાજ સહાયકી બેંકની શાખાઓને તબ્દીલ કરશે. રાજ્ય/ સંઘપ્રદેશ આ નોડલ બેંકમાં કેટલુંક ભંડોળ અગાઉથી જમા કરાવશે અને નોડલ બેંક DAY-NULM માર્ગદર્શક સૂચનાઓ મુજબ તે ભંડોળ બેંકોની શાખાઓને છૂટું કરશે. નોડલ બેંક SULMને પુન: ભરપાઇ ખાતાની વિગતો નિયમિતરીતે મોકલશે. આ કાર્યવાહી ત્રણેય પ્રકારની લોન એટલે કે SEP - (વ્યક્તિગત) SEP - (જૂથ) અને – બેંક જોડાણ માટેઅનુસરવાની રહેશે.<br>રાજ્ય/ સંઘપ્રદેશ સરકાર રાજ્ય કક્ષાની બેંકર્સ સમિતિ સાથે પરામર્શ કરીને દાવા એકત્રિત કરવા/ મંજૂર કરવા માટે |

| | | |
|---|---|---|
| | | વૈકલ્પિક પદ્ધતિ ઘડી કાઢવાનો વિકલ્પ ધરાવે છે. |
| ૪. | **ખંડ - ૬. પેટા ઘટક - ૪ : વ્યકિતગત ઉદ્યોગ સાહસ (એઈઈપી-આઈ) લોન અને સહાયકી**<br>**ખંડ - ૬.૪ બેંક લોન પર જામીન** : બેંક લોન માટે કોઈ જમીનની જરૂર રહેશે નહી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૬ મે, ૨૦૧૦ના પરિપત્ર નં. આરપીસીડી - એસએમઈ અને એનએફએલબીસી - નં. ૭૯/૦૬ ૦૨ ૩૧/ ૨૦૦૯-૧૦ થી માઈક્રો અને લઘુ ઉદ્યોગ સાહસ ક્ષોત્રના એકમોને પૂરી પડાતી રૂ.૧૦ લાખ સુધીની લોન પર જામીન ન લેવાનો બેંકોને આદેશ આપવામાં આવેલ છે. (જોડાણ-૧) આથી, ઊભી કરાયેલ અસ્કયામતો જ લોન મેળવવા માટે બેંકમાં વગર કબજે ગીરો મૂકવાની રહેશે. બેંકો બાંયધરી માટે લાભાર્થી દ્વારા કરવાની પ્રવૃત્તિની પાત્રતા મુજબ સ્વોરજગાર કાર્યક્રમ માટે લોન માટે બાંયધરી મેળવવા ભારત સરકાર અને લઘુ ઉદ્યોગ વિકાસ બેંક દ્વારા ઉભા કરવામાં આવેલ માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટે ધિરાણ બાંયધરી ફંડ ટ્રસ્ટનો સંપર્ક સાધી શકે. (યોજનાની વિગતો જોડાણ-રમાં સામેલ છે.) | **ખંડ - ૬.૪ બેંક લોન પર જામીન** : બેંક લોન માટે કોઈ જમીનની જરૂર રહેશે નહી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૬ મે, ૨૦૧૦ના પરિપત્ર નં. આરપીસીડી - એસએમઈ અને એનએફએલબીસી - નં. ૭૯/૦૬ ૦૨ ૩૧/ ૨૦૦૯-૧૦ થી માઈક્રો અને લઘુ ઉદ્યોગ સાહસ ક્ષોત્રના એકમોને પૂરી પડાતી રૂ.૧૦ લાખ સુધીની લોન પર જામીન ન લેવાનો બેકોને આદેશ આપવામાં આવેલ છે. (જોડાણ-૧) આથી, ઊભી કરાયેલ અસ્કયામતો જ લોન મેળવવા માટે બેંકમાં વગર કબજે ગીરો મૂકવાની રહેશે. બેંકો બાંયધરી માટે લાભાર્થી દ્વારા કરવાની પ્રવૃત્તિની પાત્રતા મુજબ સ્વોરજગાર કાર્યક્રમ માટે લોન માટે બાંયધરી મેળવવા લઘુ ઉદ્યોગ વિકાસ બેંક અથવા અન્ય કોઇપણ ઉચિત ગેરંટી ફંડ દ્વારા ઉભા કરવામાં આવેલ માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટે ધિરાણ બાંયધરી ફંડ ટ્રસ્ટનો સંપર્ક સાધી શકે. (યોજનાની વિગતો જોડાણ-રમાં સામેલ છે.) |
| ૫. | **ખંડ - ૭. પેટા ઘટક ૪.૨ : જૂથ ઉદ્યોગ સાહસ (એસઈપી-જી) લોન અને સહાયકી**<br>ખંડ - ૭.૫ બેંક લોન પર જામીનની બાંયધરી : બેંક લોન માટે કોઈ જામીનની | ખંડ - ૭.૫ બેંક લોન પર જામીનની બાંયધરી : બેંક લોન માટે કોઈ જામીનની જરૂર નથી. માત્ર ઊભી કરેલ અસ્કયામતો જ લોન મેળવવા માટે બેંકમાં વગર કબજે |

| | | |
|---|---|---|
